આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૦૪-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## મુખ્યમંત્રી-નિમણુંક પત્રો એનાયત

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા કુલ ૧ હજાર ૯૯૦ ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે યુવા કર્મયોગીઓને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીએ વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ લીધો છે, જેમાં ગુજરાત લીડ લે તેવા સંનિષ્ઠ પ્રયાસો કરીશું અને પ્રજાકીય પ્રશ્નોના નિવારણ માટે સરકાર હંમેશા માનવીય અભિગમ સાથે કાર્યરત રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત જાહેર સેવા આયોગ માટે સંશોધન અધિકારી, બાળ યોજના વિકાસ અધિકારી જ્યારે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ માટે ગુજરાતી સ્ટેનોગ્રાફર, અંગત મદદનીસ, વર્ક આસિસ્ટન્ટ, રેખનકાર, મ્યુનિસિપલ એન્જિનિયર, જુનિયર સાયન્ટીફિક આસિસ્ટન્ટ તેમજ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ માટે જુનિયર ક્લાર્ક અને તલાટી કમ મંત્રી માટે ઉમેદવારોની નિમણૂક કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

------------------------------------------------------------------------

## બોર્ડ પરીક્ષા

આગામી 11મી માર્ચથી ધોરણ 10 અને 12 બોર્ડની પરીક્ષાનો આરંભ થશે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર પરીક્ષાલક્ષી તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે. આ વર્ષે ધોરણ 10 અને 12ના

અંદાજીત 16 લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ સાથે ચાર હજાર 236 દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપશે.

પરીક્ષા કેન્દ્રો અને વર્ગખંડોને સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, પરીક્ષામાં ગેરરીતિના કિસ્સાને અટકાવવા કુલ 80 જેટલી સ્કવોર્ડની ટીમ અને 10 જેટલી ફ્લાઈંગ સ્કવોર્ડની ટીમ તૈનાત કરાઈ છે. આ બોર્ડની પરીક્ષા માટે શિક્ષણ વિભાગે કુલ 60 હજાર જેટલા શિક્ષકોને જવાબદારી સોંપી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

# પ્રધાનમંત્રી-ટીબીના કેસોમાં ઘટાડો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ટીબીના કેસોમાં આવલો ઘટાડો એ દેશના સમર્પિત અને અભિનવ પ્રયત્નોનું પરિણામ છે. ટીબી નિવારણમાં દેશની પ્રગતિના વખાણ કરતા તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે, સામૂહિક ભાવનાના માધ્યમથી સરકાર ટીબી મુક્ત ભારતની દિશામાં કામ કરતી રહેશે. તેમણે ઉમેર્યું છે કે સરકાર ટીબી મુક્ત ભારત બનાવવાની પ્રતિબદ્ધતામાં દૃઢ છે. વિશ્વ આરોગ્ય સંગઠનના તાજા અહેવાલ અનુસાર ભારતમાં વર્ષ 2015થી 2023 સુધી ટીબીના કેસોમાં 17.7 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ દર વૈશ્વિક ઘટાડાના 8.3 ટકાના દર કરતા બમણો છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

# માંડવી-દરિયામાં ડુબી જવાની ઘટના

માંડવીના દરિયા કિનારે ફરવા આવેલા અંજારના પિતા પુત્રનું ડૂબી જવાથી મૃત્યુ થતા  દરિયામાં ડૂબી જતા ગઈકાલે ભાઈબીજના દિવસે શોક વ્યાપી ગયો હતો.

આ અંગે મળેલી વિગતો મુજબ  દરિયાના પાણીમાં નાહવા પડેલા પિતા અને પુત્ર ડૂબવા લાગ્યા હતા. ત્યારે પ્રથમ દરિયાના પાણીમાં ડૂબી રહેલા અંજારના 40 વર્ષીય કિશોર મહેશ્વરીને સ્થાનિક તરવૈયાઓએ પાણીમાંથી બહાર લાવી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયા હતા જ્યારે અંદાજીત 12 વર્ષીય બાળક દરિયાના પાણીમાં ગરક થઈ જતા તેની સાંજ સુધી શોધખોળ હાથ ધરાઈ હતી. બનાવની જાણ થતાં વહીવટી તંત્રના અધિકારીઓ અને પોલીસ તંત્ર દોડી આવ્યું હતું. જોકે ઘટનામાં બન્ને પિતા પુત્રના મૃત્યુ થયા હતા.

**(NP/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## ખાનગી બસમાં આગ

ભુજ તાલુકાના ધોરડો ગામ પાસેના રણ વિસ્તારમાં આવેલી ખાનગી કંપનીની સ્ટાફ બસમાં આગ લાગવાથી બસ સળગીને ખાક થઈ જવા પામી હતી. આ ઘટનામાં કોઈને ઇજા પહોંચી ના હતી.

આ અંગે સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ બપોરે ધોરડો પાસેના અંતરિયાળ રણ વિસ્તારમાં કાર્યરત આ ખાનગી કંપનીની બસ સ્ટાફના લોકોને મૂકી પરત આવી રહી હતી ત્યારે સંભવિત બસમાં શોર્ટ સર્કિટ થવાથી આગ લાગી હતી.

**(NP/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## જીલ્લામાં પ્રવાસીઓ ઉમટ્યા

દિવાળી વેકેશનના પગલે જીલ્લાના વિવિધ યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ રજાઓ માણવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.

RNUBHUJ

પ્રવાસન માટે વિશ્વભરમાં પ્રખ્યાત કચ્છમાં સફેદ રણથી લઈને છેક ધોળાવીરા સુધી પ્રવાસીઓ પ્રવાસ ખેડી રહ્યા છે. જિલ્લાનું મુખ્ય મથક ભુજ પણ પ્રવાસન કેન્દ્રમાં ફેરવાઈ ગયું છે. ભુજમાં આવેલું પ્રાગમહેલ, કચ્છ મ્યુઝીયમ, આઇના મહલ, સ્મૃતિવન તેમજ સ્વામીનારાયણ મંદિર સહિતના સ્થળો પર પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. બીજી બાજુ, માંડવી બીચ, વિજય વિલાસ પેલેસ, શરદબાગ પેલેસ, રોડ ટુ હેવન, કાડીયા ધ્રો, જેવા અનેક સ્થળો પર પ્રવાસીઓ મુલાકાત લઈ રહ્યા છે.

કચ્છના સરહદી તાલુકા લખપતનો કિલ્લો અને પ્રસિદ્ધ યાત્રાધામો માતાના મઢ, નારાયણ સરોવર-કોટેશ્વર મંદિર અને હાજીપીર ખાતે સર્વત્ર પ્રવાસીઓની ભીડ જોવા મળી રહી છે. વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા ખાતે પણ પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. કચ્છમાં ફરવા આવતાં પ્રવાસીઓ મોટાભાગે ભુજમાં જ રોકાતા હોય છે, ત્યારે ભુજ અને આજુબાજુના હોટલ અને રિસોર્ટ પણ હાઉસફૂલ જોવા મળતા હોય છે. દરમ્યાન, કચ્છમાં વધતા પ્રવાસનને પગલે હોમ સ્ટે પ્રોગ્રામને પણ સફળતા મળી રહી છે.

**(NP/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

RNU BHUJ